# રક્ષાશકિત સર્કલ પર ફલાય ઓવર બનશે

**રાજયમાં ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે પ્રથમ તબક્કામાં રૂ ૪૮૭ કરોડના ખર્ચે નવા ૧૦ ફલાય ઓવર બનશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર ધોળાકુવા ખાતે રક્ષાશકિત સર્કલ પર રૂ ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બનાવાશે. રાજયમાં ટ્રાફિકનુ ભારણ ઘટાડવા તેમજ નાગરિકોના સમયની બચત માટે પ્રથમ તબક્કામાં રૂ ૪૮૭ કરોડના ખર્ચે નવા ૧૦ ફલાય ઓવર બનાવવા માટે નાયબ મુખ્યમંત્રીએ આજે જાહેરાત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે આ અંગે જણાંવ્યુ હતુ કે રાજયમાં આંતર માળખાકીય સવલતોનો વ્યાપ વધે તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે સમયબધ્ધ આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં રાજયમાં રૂ ૪૮૭ કરોડના ખર્ચે નવા ૧૦ ફલાય ઓવર બનાવાશે. જેમાં ઉત્તર મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના મુખ્યમાર્ગો પર ફલાય ઓવર બનાવાનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર અમદાવાદનો જોડતા માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વિશેષ રીતે વધ્યુ છે.

જયારે આ સ્થિતિને ધ્યાને લઈને ગાંધીનગર અમદાવાદ રોડ પર સ્થિત ધોળાકુવા ખાતે રક્ષાશકિત સર્કલ પર રૂ ૫૦ કરોડના ખર્ચે ફલાય ઓવર બનાવાશે. આ ઉપરાંત સિધ્ધપુર, પાટણ, ભુજ, મહેસાણા, સુરતા, સૌરાષ્ટ્રમાં રાજકોટ જામનગર રોડ અને ગાંધીનગર ડાકોર રોડ પર ફલાય ઓવર બનાવાનુ કામ હાથ ધરાશે.

# સે-૬ માં જ- ૧ કક્ષાના જુના અને કંગાળ ૩૫ બ્લોક તોડી નાંખવામાં આવશે

**અગાઉ પણ જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા : નવી આવાસ યોજનાનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ સે-૬ માં જુના આવાસોનો કડુસલો કરવામાં આવ્યો હતો. જયારે હાલ સે-૬ માં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે સેકટરમાં હજુ પણ જ-૧ કક્ષાના અત્યંત કંગાળ અને જોખમી મકાનો તોડવા માટે પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં સરકારી આવાસો નવા બનાવવા માટે તબક્કારવા આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે અત્યાર સુધી સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જો કે હજુ સે-૨૯ માં નવા આવાસોનુ કામ અપુર્ણ છે. જો કે આગામી બે મહીનામાં આ કામગીરી પુર્ણ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે તંત્ર દ્વારા સર્વે તેમજ અભ્યાસની કામગીરી ચાલી રહી છે. થોડા સમય અગાઉ જ સેકટર -૬ માં નવી આવાસ યોજના તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ સેકટરમાં સ્થિત જુના અને કંગાળ આવાસો તોડવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે.સેકટરના જુના અને જોખમી મકાનોનો

● અનુસંધાન પાન-૭ પર



મહાત્મા મંદિરમાં ફિલ્મ શુટીંગ - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી પર નિર્માણ પામી રહેલ ફિલ્મનું શુટીંગ ગુરૂવારે બપોરથી મહાત્મા મંદિર ખાતે આરંભાયું હતુ. મહાત્મા મંદિરનો કન્વેન્સન હૉલ, સેમિનાર હોલ, દાંડીકુટિર તથા પ્રદર્શન હોલ જેવા વિવિધ લોકેશન પર પ્રધાનમંત્રીની અભિવ્યક્તિને આવરી લેવાશે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીની ભૂમિકા જાણીતા અભિનેતા વિવેક ઓબેરોય અદા કરશે... આ ફિલ્મમાં અનેક ગુજરાતી કલાકારોને પણ સ્થાન મળે તેવી સંભાવના છે... ચૂંટણી પહેલા આ ફિલ્મનું નિર્માણકાર્ય પૂર્ણ થાય અને સિનેમાઘરોમાં રજૂ થાય તે પ્રકારની તમામ તૈયારી સાથે ફિલ્મ નિર્માણનું યુનિટ મહાત્મા મંદિર આવી પહોંચ્યું છે....

# કર્મચારીના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો

**આઠ મહિનાનું એરિયર્સ ચૂકવવા તૈયારી : ગુજરાતના આશરે ૯.૬૧ લાખથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને આ મોંઘવારી ભથ્થાનો સીધીરીતે લાભ મળશે**

અમદાવાદ,તા.૩૧

છેલ્લા ઘણા લાંબા સમયથી ગુજરાત સરકારના કર્મચારીઓ મોંઘવારી ભથ્થુ વધારવા માટે માંગ કરી રહ્યાં હતા. ત્યારે આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકા વધારો કરવાની જાહેરાત કરી છે. ૯.૬૧ લાખથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને આ મોંઘવારી ભથ્થાનો લાભ મળશે.રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને બહુ મોટી ભેટ આપી છે. ગુજરાતના ડેપ્યુટી સીએમ નિતીન પટેલે જાહેરાત કરી હતી કે, રાજયના તમામ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થામાં વધારો આપવામાં આવશે. જેમાં સરકાર દ્વારા સરકારી કર્મચારીઓને બે ટકા મોંઘવારી ભથ્થુ વધારવામાં આવશે. જેનાથી લાખો કર્મચારીઓને લાભ થશે. તેમજ રીટાયર થયેલ પેન્શનરને પણ તેનો લાભ આપવામાં આવશે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારીઓના ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરાશે. ગુજરાતના ડેપ્યુટી સીએમ નિતીન પટેલે જણાવ્યું છે કે ગુજરાત સરકાર હસ્તકના કર્મચારીઓને લાભ મળશે. સરકારી કર્મચારીઓને હવે ૯ ટકાના દરે મોંઘવારી ભથ્થું મળશે. તો, રાજયના સાડા ચાર લાખથી વધુ પેન્શનર્સને આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ મળશે જયારે, રાજયના ૯,૬૧,૬૩૮ વર્તમાન કર્મચારીઓને પણ તેનો સીધો લાભ મળશે. એટલું જ નહી, મોંઘવારી ભથ્થાના આ લાભમાં તા.૧લી જુલાઈ,૨૦૧૮થી એરિયર્સ પણ આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ત્રણ સર્કલો આસપાસનો વિસ્તાર યુરોપિયન પેટર્ન અનુસાર વિકસાવાશે

**વાઇબ્રન્ટ પુર્વે ચ-૩ સર્કલને રોડ સેફટીના પરિબળોને ધ્યાને લઇ વિકસવાયુ હતુ : હવે ઘ-૩, ઘ-૫ અને ચ-૫ વિસ્તારને પણ ડેવલપ કરાશે**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ અકસ્માતોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે જયારે મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો પણ અકસ્માતનુ કેન્દ્ર બન્યા છે. જો કે હવે ટ્રાફિક સિગ્નલ લગાવી દેવાયા બાદ આ સ્થિતિમાં સુધાર આવ્યો છે. પરંતુ હજુ પણ આ વિસ્તારમાં અકસ્માતોની દહેશત છે. ત્યારે સર્કલ વિસ્તારને માર્ગ સલામતીની દ્રષ્ટીએ યોગ્ય કરવા તંત્ર દ્વારા અગાઉ ચ-૩ ના સર્કલ એરિયા રોડ સેફટીના પરિબળોને ધ્યાને લઈ વિકસિત કરાયો હતો. જયારે હવે શહેરના અન્ય ત્રણ સર્કલોને પણ આ પેટર્ન પર ડેવલપ કરાશે

ગાંધીનગરના સર્કલોની સુંદરતા નિખારવા તેમજ સર્કલોની જાળવણી માટે વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ જ સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્ર દ્વારા વિવિધ સંસ્થાઓને નોટીસ આપવામાં આવી હતી. જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સર્કલોને વિશેષ શુશોભન પણ કરવામાં આવ્યુ હતુ. બીજીતરફ સર્કલોની આસપાસના વિસ્તારને નિખારવા રોડ સેફટીને મધ્યનજરે રાખીને યુરોપની

● અનુસંધાન પાન-૭ પર

# એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદતમાં વધારો

**મુદત વધારીને ૨૮મી ફેબ્રુઆરી કરી દેવાઈ**

ગાંધીનગર, તા.૩૧

જૂનાં અને નવાં તમામ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદત તા.૩૧ જાન્યુઆરી સુધીની હતી, તેને રાજય સરકાર દ્વારા વધુ એકવાર લંબાવવામાં આવી છે. રાજય સરકારે હવે તા.૨૮ ફેબ્રુઆરી સુધી નંબરપ્લેટ લગાવવાની મુદત વધારી છે. અમદાવાદમાં આશરે સાડા ચાર લાખથી વધુ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની બાકી છે. આ જ પ્રકારે રાજયના વડોદરા, સુરત, રાજકોટ સહિતના અન્ય શહેરોમાં પણ એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની બાકી હોય તેવા વાહનોની સંખ્યા પણ લાખોમાં થવા જાય છે. સુપ્રીમકોર્ટના નિર્દેશોના પાલનના ભાગરૂપે જૂના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવી ફરજિયાત હોઈ રાજય સરકાર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા આરટીઓ તંત્રની મદદથી એચએસઆરપી લગાવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી પરંતુ તેમાં હજુ સુધી જોઈએ તેવી સફળતા મળી નથી.

## છેલ્લે.. છેલ્લે..

- રાજયના બે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આજે સ્વૈચ્છિક નિવૃતિ લીધી. ડીજીપી તીર્થરાજ અને જોઈન્ટ પોલીસ કમિશનર જે.કે. ભટ્ટને નિવૃત થવા સરકારે મંજૂરી આપી.
- રાજયના ઊર્જા સચિવ રાજગોપાલ નિવૃત થતાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર પંકજ જોષીને વધારાનો ચાર્જ સોંપાયો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પુનઃ ૨૮મી ફેબ્રુઆરીએ ગુજરાતની મુલાકાતે આવશે. સુત્રોનું માનીએ તો રાજકોટ ખાતે એઈમ્સનું ખાતમુહૂર્ત તેમના હસ્તે યોજાશે અને લેઉવા પાટીદાર સમાજના કાર્યક્રમમાં હાજરી આપશે.
- સુરતમાં ગઈકાલે ખુલ્લી મુકાયેલ વિનસ હોસ્પિટલમાં પ્રથમ દિવસે ડોક્ટરની બેદરકારીથી દર્દીનું મોત થતાં હોબાળો થયો હતો.
- વડોદરાના જાણીતા બિલ્ડર ગ્રુપ વૈભવ કોર્પોરેશન પર આવકવેરાના દરોડા પડ્યા હતા.
- કચ્છ-બનાસકાંઠા જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો. જેના પગલે હળવા વરસાદી ઝાંપટા પડતા માવઠુ થયુ હતુ.
- રાજયના ૭૪ જેટલા ડેમમાં પાણી ખુટી જતા ભરશિયાળે પાણીની સમસ્યા સર્જાવવાના અણસાર.
- વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપમાં ઉત્સાહપૂર્વક જોડાનાર પાટીદાર અનામત આંદોલનના નેતા રેશ્મા પટેલે પત્રકાર પરિષદ યોજી પક્ષ અને સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી.

# ગાંધીનગર મહાનગરપાલિકાના કાનૂની વિવાદમાં વડી અદાલતની આકરી ટકોર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરની ચૂંટણીના મુદ્દે આજે રાજ્યની વડી અદાલતે મેયરપદના ઉમેદવાર રીટાબેન પટેલ અને વર્તમાન મેયર પ્રવિણ પટેલનો ઉધડો લીધો હતો.

આ બન્ને દ્વારા કરાયેલ અલગ-અલગ અરજીઓની એક સાથે સુનાવણી કરતાં વડી અદાલતે જણાવ્યુ હતુ કે ગંદી રાજનીતિ કોર્ટ કાર્યવાહીમાં વચ્ચે નહિ લાવવા જણાવ્યુ હતુ. કોર્ટે જણાવ્યુ હતુ કે કેસ ચલાવવાનો થાય ત્યારે હાજર નહિ રહેવુ અને હુકમ થાય ત્યારે કેસ ઝડપથી ચલાવવાની ઉતાવળ સાંખી લેવાશે નહિ.

# ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારમાં કમોસમી વરસાદ

ગાંધીનગર, તા.૩૦

ઉત્તર ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં આજે વરસાદી ઝાપટા અને માવઠાના કારણે હાલત કફોડી બની ગઈ હતી. ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. બીજી બાજુ માવઠાના પરિણામ સ્વરુપે શિયાળા પાકને પણ પ્રતિકુળ અસર થતાં ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતમાં ઠંડીથી રાહત હાલ મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કારણ કે, કોલ્ડવેવની ચેતવણી આગામી દિવસો માટે જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ, દિવ-દમણ અને દાદરનગર હવેલીમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. આજે રાજયના જુદા જુદા ભાગોમાં ગઈકાલની સરખામણીમાં પારો વધ્યો હોવા છતાં વરસાદી માહોલના લીધે ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. હળવા વરસાદી ઝાપટાની આગાહી પણ કરવામાં આવી છે.

# જિલ્લા પંચાયતમાં આજે દૂષિત પાણી આવતાં કર્મચારીઓ ચમક્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે એકાએક દૂષિત પેયજળ આવતાં પંચાયત સંકુલમાં ચર્ચાનો મુદ્દો બની જવા પામેલ હતો.

આજે સવારથી જ આ દૂષિત પાણીનો મામલો ચર્ચામાં આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે બહારથી ટેન્કરમાં પાણી મંગાવી પંચાયતના સંપમાં ખાલી કરાયા પછી પણ પરિસ્થિતિ યથાવત રહેવા પામી હતી.

આ મુદ્દે કર્મચારીઓએ આજે પીવાના પાણીને લઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું પણ ધ્યાન દોર્યુ હતુ. તાત્કાલિક પંચાયતના બાંધકામ શાખાના અધિકારીઓની બેઠક બોલાવવાના આદેશો પણ કરી દેવાયા છે. પંચાયત કચેરીની આસપાસ આવેલ અન્ય કચેરીઓમાં પાણીનો પુરવઠો સારો હતો તેથી અન્ય કચેરીઓમાંથી પાણી લાવી આજે કર્મચારીઓએ પીધુ હતુ. કેટલાક કર્મચારીઓ તો બપોરની રિશેષમાં ઘરે ગયા પછી પાણીની બોટલ ઘરેથી લઈ આવ્યા હતા.


**જાહેર વિજ્ઞપ્તિ**

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

**બ્લોક નં. ૧૮, ૪થો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૪૯૦૧૭-૨૩૨૪૯૦૧૮**


ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈડબલ્યુએક-૨ના આવાસો મેળવવા માટેના ફોર્મ બેન્કોમાંથી આપવામાં આવી રહેલ છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર તેમજ ગુડા વિસ્તાર ઉપરાંતના લાભાર્થીઓ પણ આ યોજનાનો લાભ લઈ શકશે. અગાઉ આપવામાં આવેલ ફોર્મમાં પણ આ લાભ આપવામાં આવશે. આ યોજનાના ફોર્મ વિતરણની તારીખ : ૧૧/૨/૨૦૧૯ સુધી વધારવામાં આવે છે. અને ફોર્મ ભરીને જે તે બેન્કમાં પરત આપવાની તારીખ : ૨૦/૨/૨૦૧૯ સુધી રાખવામાં આવે છે. લાગતા-વળગતા તમામ નાગરિકોએ તેનો લાભ લેવા વિનંતી છે.

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

માહિતી/૨૭૬૮/૧૮-૧૯



**લોકાર્પણ સમારોહ**



તાલુકા પંચાયત પ્રાંતિજના નવ નિર્મિત તાલુકા પંચાયત ભવન નો

**લોકાર્પણ સમારોહ**

માનનીય શ્રી જયદ્રથસિંહજી પરમાર

(મંત્રીશ્રી, કૃષિ (રાજ્યકક્ષા), પંચાયત તથા પર્યાવરણ (સ્વતંત્ર હવાલો)

ના વરદ હસ્તે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આપને હાર્દિક આમંત્રણ છે.

તારીખ : ૦૨-૦૨-૨૦૧૯, શનિવાર ● સવારે ૯:૦૦ કલાકે
સ્થળ : તાલુકા પંચાયત ભવન, પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

:: અતિથિ વિશેષશ્રીઓ ::

શ્રીમતી રતનબેન કે. સુતરીયા, માન. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, સાબરકાંઠા
શ્રી દિપસિંહજી રાઠોડ, માન. સાંસદસભ્યશ્રી, સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો
શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, માન. ધારાસભ્યશ્રી, પ્રાંતિજ-તલોદ

:: નિમંત્રક ::

શ્રી બેચરસિંહ એચ.રાઠોડ : પ્રમુખ તાલુકા પંચાયત, પ્રાંતિજ
શ્રી જે.એચ.કાપડીયા, તાલુકા વિકાસ અધિકારી, પ્રાંતિજ
શ્રી કૌશિક આર. પટેલ, અધ્યક્ષ, તાલુકા પંચાયત, પ્રાંતિજ
શ્રી રામસિંહ જે. મકવાણા, ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, પ્રાંતિજ
શ્રીમતી દક્ષાબેન એસ. પરમાર, ચેરમેન, ન્યાય સમિતિ, તાલુકા પંચાયત, પ્રાંતિજ

સદસ્યશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ અને કર્મચારીગણ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com